તારાંકિત પ્રશ્ન　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1109

વિષય:

ગીર સોમનાથ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 12/01/2024 | તારીખ 05/02/2024 | 19/01/2024 |

*15/4/1109　　　શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ જણાવવા કૃપા કરશે કે:-

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૪-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક-૧૭૯૦ (અગ્રતા-૩૩)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગીર સોમનાથ જિલ્લામાં ૩૬ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા હતા તે કયા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કયા પેટા આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ સમયસર પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે?

----